GJBT030011042025

કેસ દાખલ તારીખ : ૧૪/૦૪/૨૫
રજીસ્ટર કર્યા તારીખ:૧૪/૦૪/૨૫
નિકાલ કર્યા તારીખ : ૧૦/૦૪/૨૬
વર્ષ–માસ–દિવસ
૦૦ – ૧૧ –૩૦

# –: ફોર્મ–એ:–

# ગઢડાના મે. એડી. જ્યુડી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,

# તા. ગઢડા, જિ. બોટાદ

**જજમેન્ટ જાહેર કર્યા તા. ૧૦–૦૪–૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૭૭૩/૨૫**

**પોલીસ સ્ટેશન :–**ગઢડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૪૨૫૦૦૬૮/૨૦૨૫

**આંક–**

**ફરિયાદી:–** શ્રી સરકાર

**–: વિરૂધ્ધ :–**

**આરોપી:–** દિગ્વીજયસિંહ ઉર્ફે દિગુભા બનુભા ગોહિલ
ઉ.વ. ૪૭, ધંધો–ખેતી
રહે. રામણકા ગામ
તા. ઉમરાળા, જી.ભાવનગર

**વકીલશ્રી**

ફરીયાદી તરફે: વિ.એ.પી.પી.શ્રી એસ.આર. પટેલ
આરોપી તરફે: વિ.વકિલશ્રી એલ.બી. સોલંકી

---

# –: ફોર્મ–બી:–

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા. ૧૬–૦૧–૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા. ૧૭–૦૧–૨૦૨૫ |

| | |
|---|---|
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા. ૧૧–૦૪–૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યાની તારીખ | તા. ૦૯–૦૬–૨૦૨૫ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યાની તારીખ | તા. ૧૬–૧૦–૨૦૨૫ |
| હુકમ ઉપર રાખ્યાની તારીખ | તા. ૨૦–૦૩–૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યાની તારીખ | તા. ૧૦–૦૪–૨૦૨૬ |
| સજા અંગેનો હુકમ જાહેર કર્યાની તારીખ જો હોય તો | તા. ૧૦–૦૪–૨૦૨૬ |

–:આરોપીની વિગત:–

| | |
|---|---|
| આરોપીનો ક્રમ :– | ૧ |
| આરોપીનું નામ :– | દિગ્વીજયસિંહ ઉર્ફે દિગુભા બનુભા ગોહિલ |
| ધરપકડ કર્યા તારીખ :– | તા. ૨૦–૦૧–૨૦૨૫ |
| જામીન મુકત કર્યા તારીખ:– | તા. ૨૦–૦૧–૨૦૨૫ |
| કયો ગુનો નોંધાયેલો :– | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪, ૧૩૪ |
| છોડી મુકેલ કે સજા કરેલ :– | પ્રોબેશનનો લાભ અને દંડ |
| સજા કર્યાની વિગતો :– | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૫(એ) માં રૂા. ૫૦૦/– દંડ ભરવાનો તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૫(બી) માં રૂા. ૧૦૦૦/– દંડ ભરવાનો તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ માં રૂા. ૨૦૦/– દંડ ભરવાનો તથા એમ.વી.એકટની કલમ–૧૩૪ માં રૂા.૧૦૦૦/– દંડ ભરવાનો એમ કુલ મળી રૂા. ૨૭૦૦/– દંડ ભરવાનો હુકમ કરવામાં આવેલ છે. |
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની | – |

| | |
|---|---|
| કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહયાનો સમયગાળો :– | |

## –: ફોર્મ–સી:–

## ફરિયાદપક્ષ / આરોપીઓ પક્ષે / અદાલત ધ્વારા તપાસેલા સાહેદોની યાદી

**એ**– ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| ફરિયાદી તરફે સાહેદ નં. | સાહેદનું નામ | સાહેદની કામગીરી | આંક |
|---|---|---|---|
| ૧. | રાહુલભાઈ રાજુભાઈ ચોહલા | ફરિયાદી | ૦૭ |
| ૨. | લીલાબેન રાજુભાઈ ચોહલા | સાહેદ | ૧૧ |
| ૩. | વિજયભાઈ વાઘજીભાઈ સાટીયા | સાહેદ | ૧૨ |
| ૪. | વિજયકુમાર વેણીશંકર પંડયા | ત.ક.અમલદાર | ૧૩ |

**બી**– આરોપી પક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| સાહેદ નં. | સાહેદનું નામ | સાહેદની કામગીરી |
|---|---|---|
| – | – | – |

**સી**– અદાલતે તપાસેલા સાહેદોના પુરાવાની યાદી :–

| સાહેદ નં. | સાહેદનું નામ | સાહેદની કામગીરી |
|---|---|---|
| – | – | – |

## ફરિયાદપક્ષ / આરોપીઓ પક્ષે / અદાલતે દસ્તાવેજી પુરાવાઓને આપેલા નંબર

**એ**– ફરિયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ફ.આંક–૦૮/ ફ.સા.૧ | ફરીયાદ |
| ૨. | ફ.આંક–૧૪/ | એફ.આઈ.આર. |

| | | |
|---|---|---|
| | ફ.સા.૪ | |
| ૩. | ફ.આંક–૧૫/ ફ.સા.૪ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૪. | ફ.આંક–૧૬/ ફ.સા.૪ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૫. | ફ.આંક–૧૭/ ફ.સા.૪ | એકસીડેન્ટ રીટર્ન ફોર્મ |
| ૬. | ફ.આંક–૧૮/ ફ.સા.૪ | એકસીડેન્ટ રીટર્ન ફોર્મ |
| ૭. | ફ.આંક–૧૯/ ફ.સા.૪ | મરણ જનારની પી.એમ. નોટ |
| ૮. | ફ.આંક–૨૦/ ફ.સા.૪ | ઈજા પામનાર લીલાબેનનું સારવારનું સર્ટીફીકેટ |
| ૯. | ફ.આંક–૨૧/ ફ.સા.૪ | અર્ટીગા ગાડી રજી.નં. જીજે–૪–ઈ.એ.–૩૨૭૮ ની આર.સી.બુકની નકલ |
| ૧૦. | ફ.આંક–૨૨/ ફ.સા.૪ | આરોપીનું ડ્રાઈવીંગ લાયસન્સ |

**બી**– આરોપી પક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | – | ' |

**સી**– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | આંક–૨૩ થી આંક–૨૫ | ડીઝીટલ સર્ટીફીકેટ |
| ૨. | આંક–૨૬ | સેમ્પલ કબજે કર્યાનું પંચનામું |

**ડી**– વધારાના આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## –:: ચુ કા દો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૧૬/૦૧/૨૦૨૫ના આશરે કલાક ૧૧–૦૦ વાગ્યાની આસપાસ મોજે લાખણકા અડતાળા રોડ ઉપર મામાદેવના મંદીર પાસે વળાંકમાં આ કામના ફરીયાદીના પિતા મરણ જનાર રાજુભાઈ મેપાભાઈ ચોહલા તથા સાહેદ નંબર (૧૩) લીલાબેનનાઓ પોતાનું મો.સા. રજી. નંબર જી.જે.ઈ.એ.એફ.૪૦૭૬ નું લઈને ભાવનગરથી અડતાળા ગામે લગ્ન પ્રસંગમાં જતા હતા ત્યારે લાખણકા અડતાળા રોડ ઉપર મામાદેવના મંદીર આગળ પહોંચતા આ કામના આરોપીએ પોતાના હવાલાની ફોરવ્હીલ અર્ટીગા રજી. નંબર જી.જે.૦૪.ઈ.એ.૩૨૭૮ ની પુરઝડપે અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે સામેથી રોંગ સાઈડમાં ચલાવી ફરીયાદીના પિતાના મો.સા.રજી. નંબર જી.જે.ઈ.એ.એફ.૪૦૭૬ ની સાથે સામેથી ભટકાડી દેતા સાહેદ લીલાબેનને જમણા હાથે તથા કમરના ભાગે તથા જમણા ઘુંટણ નીચે ઈજાઓ કરેલ તેમજ ફરીયાદીના પિતા રાજુભાઈ મેપાભાઈ ચોહલાને ડાબા હાથે કોણીના ભાગે તથા ડાબા પગે સાથળથી પાની સુધી ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી સ્થળ ઉપરથી પોતાનું ઉપરોકત વાહન લઈ નાસી જઈ શિક્ષાને પાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે.

જે અંગેની ફરીયાદ ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ તા. ૧૬/૦૧/૨૦૨૫ના રોજ નોંધાવેલી.

જે ગઢડા પો.સ્ટે.ના ગુના રજી. નં. ૧૧૧૯૦૦૦૪૨૫૦૦૬૮/૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧),૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ દરમીયાન પંચનામાઓ તૈયાર કરી, જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઈ, આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઈ ગયેલ છે. જે અન્વયે આરોપી તેમના વિ.વકીલશ્રી મારફત હાજર થતાં આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

ત્યારબાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, તે તહોમતનામા સબબ આરોપીની આંક–૦૫ થી પ્લી નોંધવામાં આવેલી. જેમાં આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરી, પોતે ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

(૩) આ કામે ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે. જે પુરાવા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક સ્વરૂપે જાહેર કરેલ છે.

(૪) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તેમના ઉપર ખોટો કેસ કરવામાં આવેલ હોય જેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ પોતાની મૌખીક દલીલો કરેલ છે. જેમા હાલના આરોપીએ પોતાનું કબજાનું વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને માનવ જીંદગી જોખમાઈ તે રીતે બેફીકરાઈથી ચલાવી, મરણ જનારને શરીરે ગંભીર પ્ર કારની ઈજાઓ પહોંચાડી, નાસી ગયેલ હોવાનો આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય કાયદામાં નિર્દિષ્ટ કરેલ સજા કરવા રજુઆત કરેલ છે.

જયારે આ કામે આરોપીના વિધ્વાન વકીલ શ્રી એલ.બી. સોલંકીની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદ હાલના આરોપીના નામજોગ આપેલ નથી. નજરે જોનાર સાહેદ છે તેમનો ગાડીનો આખો નંબર શું હતો તે યાદ નથી તેમજ તેનો ચાલક કોણ હતો તેની તેમની ખબર નથી અને બનાવ સમયે તેઓ બેભાન થઈ ગયેલ હોય ચાલકને જોયેલ નથી. જે તમામ શંકાનો લાભ હાલના આરોપીને મળવાપાત્ર થતો હોય આરોપીને આ કામમાં તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

(૬) ઉપરોકત ફરીયાદ, હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ગઈ તા. ૧૬/૦૧/૨૦૨૫ના આશરે કલાક ૧૧–૦૦ વાગ્યાની આસપાસ મોજે લાખણકા અડતાળા રોડ ઉપર મામાદેવના મંદીર પાસે વળાંકમાં આ કામના ફરીયાદીના પિતા મરણ જનાર રાજુભાઈ મેપાભાઈ ચોહલા તથા સાહેદ લીલાબેનનાઓ પોતાનું મો.સા. રજી.નંબર જી.જે.ઈ.એ.એફ.૪૦૭૬ નું લઈને ભાવનગરથી અડતાળા ગામે લગ્ન પ્રસંગમાં જતા હતા ત્યારે લાખણકા અડતાળા રોડ ઉપર મામાદેવના મંદીર આગળ પહોંચતા આ કામના આરોપીએ પોતાના હવાલાની ફોરવ્હીલ અર્ટીગા રજી. નંબર જી.જે.૦૪.ઈ.એ.૩૨૭૮ ની પુરઝડપે અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે સામેથી રોંગ સાઈડમાં ચલાવી ફરીયાદીના પિતાના મો.સા.રજી. નંબર જી.જે.ઈ.એ.એફ.૪૦૭૬ ની સાથે સામેથી ભટકાડી દેતા સાહેદ લીલાબેનને જમણા હાથે તથા કમરના ભાગે તથા જમણા ઘુંટણ નીચે ઈજાઓ કરેલ તેમજ ફરીયાદીના પિતા રાજુભાઈ મેપાભાઈ ચોહલાને ડાબા હાથે કોણીના ભાગે તથા ડાબા પગે સાથળથી પાની સુધી ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી સ્થળ ઉપરથી પોતાનું ઉપરોકત વાહન લઈ નાસી જઈ

ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૬(૧),૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો કરેલો છે ?

**૨.** શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. અંશત: હકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-:કારણો :-**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૭) ફરિયાદપક્ષે આ કામે ફરીયાદીએ આંક-૭ થી કોર્ટ સમક્ષ જુબાની આપેલ છે અને તેઓએ જણાવેલ છે કે, '' હું અમારા પરીવાર સાથે ભાવનગર ગામે રહુ છુ અને હીરા ઘસુ છુ. મારા પિતાજીનું નામ રાજુભાઈ મેપાભાઈ ચોહલા તથા માતાનું નામ લીલાબેન છે. બનાવ તા. ૧૬/૧/૨૫ના રોજ બનેલો. બનાવના દિવસે હું સવારે આશરે અગિયાર વાગ્યે હીરા ઘસવા ગયેલો અને તે દિવસે મને ફોનથી જાણવા મળેલુ કે મારા માતા તથા પિતા ગઢડા તાલુકાના અડતાળા ગામે લગ્ન પ્રસંગે જતા હતા અને મામાના ઓટલા પાસે વળાંકમાં અકસ્માતમાં ઈજા થયેલ છે અને તેઓને ગઢડા સારવાર માટે લઈ ગયેલા છે અને ત્યાંથી ભાવનગર સરકારી દવાખાને લઈ જવાના હોય તેમ વાત કરતા હુ તથા મારા કાકા દાનાભાઈ ભાવનગર સરકારી દવાખાને ગયેલા જયાં મારા માતા પિતાને ઈજા થયેલ હોય, મારા માતાને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાનું કહેતા તેમને બીમ્સ હોસ્પિટલમાં લઈ ગયેલા અને જયાં તેમને હાથે તથા કમરે ઈજા થયેલી હોય સારવાર કરેલી. આ બનાવમાં મારા પિતાનું સારવાર મૃત્યુ થયેલુ. આ બનાવમાં મારા માતાપિતા મોટર સાઈકલ લઈને જતા હતા અને તેમની મોટર સાઈકલ સાથે જે ગાડીનો અકસ્માત થયેલો તે ગાડી અર્ટીકા ગાડી હતી જેનો નંબર જી.જે.૦૪.ઈ.એ.૩૨૭૮ હતો. આ બનાવમાં હોસ્પિટલમાં પોલીસ આવતાં મે મારી ફરીયાદ આપેલી અને ફરીયાદને આંક-૮ આપવામાં આવેલ.

(૮) આ કામે આંક-૧૧ થી લીલાબેન રાજુભાઈ ચોહલાને તપાસવામાં આવેલ છે જે આ

કામે મહત્વના સાહેદ છે કેમ કે તા. ૧૬/૧/૨૫ના રોજ સવારે આઠેક વાગે સદર સાહેદ અને તેમના પતિ મોટર સાઈકલ ઉપર ગઢડા તાલુકાના અડતાળા ગામે લગ્ન પ્રસંગે જતા હતા અને મામાના ઓટલા પાસે વળાંકમાં પહોંચેલા ત્યારે એક સામેથી એક ફોર વ્હીલવાળા ભાઈ પોતાનું વાહન અચાનક સામેથી લાવી અમારા મો.સા. સાથે લાવી અથડાવી દીધેલ અને આ બનાવ બનતા મારા પતિને તથા મને ઈજા થયેલી. આ બનાવમાં મને કમરના ભાગે તથા હાથે ઈજા થયેલ અને હું બેભાન થઈ ગયેલ. આ બનાવ બનતા મને તથા મારા પતિને ૧૦૮માં સુવડાવી ગઢડા સારવાર માટે લઈ ગયેલા અને ત્યાંથી ભાવનગર સરકારી દવાખાને લઈ ગયેલ, વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાનું કહેતા તેમને બીમ્સ હોસ્પિટલમાં લઈ ગયેલા અને જયા તેમને હાથે તથા કમરે ઈજા થયેલી હોય સારવાર કરેલી. આ બનાવમાં મારા પતિનું સારવાર મૃત્યુ થયેલુ. આ બનાવમાં અમારા મોટર સાઈકલ સાથે જે ગાડીનો અકસ્માત થયેલો ૩૨૭૮ હતો. તે ગાડીનો આખો નંબર મને યાદ નથી. આ અકસ્માત કરનાર વાહન ચાલકને અમે બનાવ વખતે અમે જોયેલો નહી કારણ કે અમે બેભાન ગઈ ગયેલા.

(૯) વધુમાં, આ કામે આંક-૧૨ થી વિજયભાઈ વાઘજીભાઈ સાટીયાને તપાસવામાં આવેલ છે અને તેઓએ અકસ્માતને જોયેલ નહી પરંતુ અકસ્માત બનતા તેઓ તરત જ બનાવવાળી જગ્યાએ પહોંચેલ અને જયાં તેઓએ મરણ જનાર રાજુભાઈ તેમજ લીલાબેન રાજુભાઈને જોયેલા અને વધુમાં તેઓએ જણાવેલ કે, મને બનાવની ચોકકસ તારીખ યાદ નથી અને મને જાણવા મળેલુ કે લાખણકા રોડ પર મામાદેવના ઓટલા પાસે વળાંકમાં અકસ્માત થયેલ છે અને જે અકસ્માત રાજુભાઈ મેપાભાઈ ચોહલા અને તેમના પત્નિ સાથે અન્ય એક વાહન અર્ટીગા ગાડી સાથે થયેલુ છે. જેની જાણ થતા હું બનાવવાળી જગ્યાએ ગયેલો અને ત્યાં જઈને જોયેલ કે આ રાજુભાઈને પગે અને માથાના ભાગે ઈજા થયેલી હતી અને તેમના પત્નીને પણ કમરના ભાગે ઈજા થયેલી. આ અકસ્માત કરનાર અર્ટીગા ગાડીનો નંબર જી.જે.૪.ઈ.એફ.૩૨૭૮ નો હતો અને અકસ્માતમાં આ રાજુભાઈ તથા તેમના પત્નીને ઈજા થતાં ૧૦૮ બોલાવતા અમો ત્યાં ૧૦૮માં સારવાર માટે

ગઢડા સરકારી દવાખાને ગયેલા જ્યાંથી વધુ સારવાર માટે બંનેને ભાવનગર લઈ જવાનું કહેતા તેઓને વધુ સારવાર માટે લઈ ગયેલા. આ અકસ્માતમાં મને જાણવા મળેલ કે, આ રાજુભાઈ મરણ ગયેલા હતા. આ બનાવ સમયે આ અર્ટીગા ગાડીના ચાલક સ્થળ પર ઉભા હતા અને મદદ કરતા હતા. જે મે જોયેલુ. હું આ અર્ટીગા ગાડીના ચાલકને ઘણો સમય થઈ ગયેલો હોય જોયેથી ઓળખી શકુ નહી. આ જે અકસ્માત કરનાર અર્ટીગા ગાડી નંબર હતો તે મે ઉપર જણાવ્યા મુજબનો જ છે. આ સિવાય અન્ય નંબર હતો નહી. આ કામના આરોપીને બનાવ સમયે જોયેલ ન હોય નામ. કોર્ટમાં જોયેથી ઓળખી શકુ નહી.

(૧૦) ત્યારબાદ આ કામે આંક–૧૩ થી તપાસ કરનાર અમલદાર વિજયકુમાર વેણીશંકર પંડયાને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તા. ૧૬/૦૧/૨૫ના રોજ ગઢડા ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી રાહુલભાઈ રાજુભાઈનાઓએ આ કામના આરોપી વિરૂઘ્ધ બી.એન.એસ. કલમ–૧૦૬(૧) વિ. મુજબની ફરીયાદ આપેલી જે ફરીયાદ આ કામે આંક–૮ થી રજુ થયેલ છે તે જ છે જેમાં ફરીયાદની સહી છે. જે ફરીયાદના આધારે ગઢડા પો.સ્ટે. ખાતે ગુ.ર. નં. ૦૦૬૮/૨૫ થી બી.એન.એસ. કલમ –૧૦૬(૧) વિ. મુજબનો ગુનો રજીસ્ટર થયેલો જેની એફ.આઈ.આર. મને બતાવવામાં આવે છે જેમાં પી.એસ.ઓ. તરીકે એચ.એમ.ગોહિલની સહી છે જે આ કામે આંક–૧૪ થી રજુ થયેલ છે. સદરહું કામની આગળની તપાસ અમોને સોંપી આપતા તપાસ સંભાળી લઈ સૌ પ્રથમ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું જે પંચનામામાં પંચોની સહી છે તથા રુબરુ તરીકે મારી સહી છે જે આ કામે આંક–૧૫ થી રજુ થયેલ છે. સદરહું કામે મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામું એ.એસ.આઈ.નાઓએ કરેલુ જે બતાવતા તે જોઈને કહુ છુ કે જેમા પંચોની સહી છે તથા રુબરુમાં સી.એ.પંડયાની સહી છે જે ઈન્કવેસ્ટ પંચનામુ આ કામે આંક–૧૬ થી રજુ થયેલુ છે. ચાર્જશીટમાં જણાવેલ સાહેદ નં. ૮ થી ૧૨ ના નિવેદન લીધેલા. બનાવવાળી જગ્યાનું સ્થળ પરીક્ષણ કરવા માટે આર.ટી.ઓ. ઈન્સપેકટરને જાણ કરતા તેઓએ એકસીડેન્ટ રીટર્ન ફોર્મ તૈયાર કરીને આપેલો જેમાં તેઓની સહી છે જે આ કામે આંક–૧૭ અને આંક–૧૮ થી રજુ

થયેલ છે. મરણજનાર રાજુભાઈ મેપાભાઈની પી.એમ.નોટ તપાસના કામે મેળવેલી જેમાં ડોકટરશ્રીની સહી છે જે આ કામે આંક–૧૯ થી રજુ થયેલ છે. ઈજા પામનાર લીલાબેનનું સારવારનું સર્ટીફીકેટ મેળવેલુ તેમા ડો. પીનાકીન વોરાની સહી છે જે આ કામે આંક–૨૦ થી રજુ થયેલ છે. અર્ટીગા ગાડી જેનો રજી. નં. જી.જે.૪.ઈ.એ. ૩૨૭૮ હતુ તેની આર.સી.બુકની નકલ મેળવેલી જે આ કામે આંક–૨૧ થી રજુ થયેલ છે. આરોપી દિગ્વીજયસિંહનું ડ્રાઈવીંગ લાયસન્સ ગુનાના કામે મેળવેલુ જે મને બતાવવામાં આવે છે તે જ છે જે આ કામે આંક–૨૨ થી રજુ થયેલ છે. આરોપી સામે પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે.

(૧૧) હાલના કામે કલમ ૧૦૬(એ) ધ્યાને લઈએ તો તેમાં એક તત્વ બેફામ રીતે અથવા બેદરકારીભર્યુ હોવુ જોઈએ નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદો '' ભાલાચંન્દ્ર વમન પાઠે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર'' ૧૯૯૬ ના પેરા નં. ૧૧ ધ્યાને લઈએ તો.

11. An offence under **Section 304A Indian Penal Code** may be committed either by doing a rash act or a negligent act. There is a distinction between a rash act and a negligent act. In the case of a rash act as observed by Straight, J. in Idu Beg's case **I.L.R. 3 All 776** the criminality lies in running the risk of doing such an act with recklessness or indifference as to the consequences. Criminal negligence is the gross and culpable neglect or failure to exercise that reasonable and proper care and precaution to guard against injury either to the public generally or to an individual in particular, which having regard to all the circumstances out of which the charge has arisen, it was the imperative duty of the accus'ed person to have adopted. Negligence is an omission to do something which a reasonable man, guided upon those considerations which ordinarily regulate the conduct of human affairs, would do, or doing something which a prudent and reasonable man would not do. Again as explained in Nidamarti Negaghu-shanam's case 7 Mad. H.C.R. 119, a culpable rashness is acting with the consciousness that the mischievous and illegal consequences may follow, but with the hope that they will not, and often with the belief that the actor has taken sufficient precautions to prevent their happening. The imputability arises from acting despite the consciousness Culpable negligence is acting without the consciousness that the illegal and mischievous effect will follow, but in circumstances which show that the actor has not exercised the caution incumbent upon him and if he had he would have had the consciousness. The imputability arises from the neglect of the civic duty of circumspection.

તેથી, આ કામે આંક–૧૧ લીલાબેન રાજુભાઈ ચોહલાની જુબાની અગત્યની છે અને તેઓ અકસ્માત સમયે મો.સા. પર હતા અને તેમના પતિ મો.સા. ચલાવતા હતા અને તેઓએ જણાવેલ કે તેઓ લગ્ન પ્રસંગમાં જતા હતા અને મામાના

ઓટલા પાસે વળાંકમાં પહોંચેલા ત્યારે એક સામેથી ફોરવ્હીલવાળાભાઈ પોતાનુ વાહન અચાનક સામેથી લાવી તેઓના મો.સા.ની સાથે અથડાવી દીધેલ અને તેથી તેમના પતિને અને તેમને ઈજા થયેલ તેમના પતિનુ સારવાર દરમીયાન મૃત્યુ થયેલ અને સાહેદ લીલાબેનને ઈજાઓ થયેલી. વધુમાં, આંક–૧૧ થી સરતપાસમાં લીલાબેન ગાડીનો નંબર ૩૨૭૮ જણાવે છે અને ગાડીનો આખો નંબર તેમને યાદ નથી અને અકસ્માત કરનાર વાહન ચાલકને તેણે જોયેલ નહી કારણ કે તેઓ બેભાન થઈ ગયેલા. આ કામે સદર સાહેદની લેવાયેલ ઉલટ તપાસમાં કોઈ વિરુઘ્ધની હકીકત જણાઈ આવતી નથી. તેથી, આ સાહેદ જે બનાવના નજરે જોનાર અને ભોગ બનનાર છે અને તેઓ એવુ જણાવે કે સામેથી ફોરવ્હીલ અચાનક તેમના મો.સા. સામે લાવી અથડાવી દીધેલ તેમજ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, બનાવવાળી જગ્યા ગઢડા ઘોળા વાળો ડબલ પટીવાળો રોડ છે. આ કામે બનાવવાળી જગ્યા બહુ મહત્વની છે અને આંક–૧૫ થી ગુનાવાળી જગ્યાનુ જે પંચનામુ કરવામાં આવેલ છે તેને ઘ્યાને લઈએ તો તેમાં પણ એવુ જણાવેલ છે કે, '' સદર જગ્યાએ આશરે ૨૦ થી ૨૨ ફુટ પહોળાઈવાળો પાકો ડામર રોડ જોવામાં આવે છે. સદર રોડની મઘ્ય લાઈનથી દક્ષિણે ૭ ફુટ દુર રોડ પર બનાવ બનેલ છે. સદર જગ્યાએ રોડ પર જોતાં આશરે દસ ફુટ સુધીના રોડ પર બ્રેક મારેલના લીસોટા જોવામાં આવે છે. સદર દક્ષિણબાજુ રોડની બાજુમાં ઘુડના છુટા છવાયા રતાશ પડતા ડાઘાઓ જોવામાં આવે છે. સદર જગ્યાએ રોડ પર ૧૦ થી ૧૫ સુધીમાં છુટાછવાયા કાચના પ્લાસ્ટીકના નાના–નાના ટુકડાઓ જોવામાં આવે છે. '' તેથી, સદર સાહેદની જુબાની અને ગુનાવાળી જગ્યાનું પંચનામુ ઘ્યાને લઈએ તો એવુ જણાઈ આવે છે કે, સદર સાહેદ તેમના પતિ રાજુભાઈ સાથે મો.સા. થી તા. ૧૬/૧/૨૫ના રોજ ગઢડા–ઘોળા રોડ પર તેમની સાઈડમાં જતા હતા અને સામેથી અર્ટીગા ગાડી જેનો નંબર જી.જે.૦૪.ઈ.એ.૩૨૭૮ હતો તે રોન્ગ સાઈડમાં આવી અચાનકથી તેઓની સામે લાવી તેઓની સાથે ભટકાડી દીધેલ અને જેના કારણે તેમના પતિનું મૃત્યુ થયેલ અને સદર સાહેદને ઈજા થયેલ. આ કામે આંક–૧૨ થી વિજયભાઈ

વાઘજીભાઈ સાટીયાની જુબાની ધ્યાને લઈએ તો તેઓ પણ ફરીયાદપક્ષને સમર્થન આપે છે અને તેઓ અકસ્માત કરનાર અર્ટીગો ગાડીનો નંબર જી.જે.૪.ઈ.એ.૩૨૭૮ જણાવે છે. તેમજ વધુમાં, તેઓ બનાવવાળી જગ્યાએ પહોંચેલ ત્યારે મરણ જનાર રાજુભાઈના પગે અને માથાના ભાગે ઈજા થયેલ અને સાહેદ લીલાબેનને કમરના ભાગે ઈજા થયેલ તે જોયેલ. તેઓએ બનાવ સમયે અર્ટીગા ગાડીના ચાલકને સ્થળ ઉપર જોયેલ અને મદદ કરતા જોયેલ હતા. પરંતુ, બનાવને ઘણો સમય થઈ ગયેલ હોવાના કારણે તેઓ ઓળખી શકે નહી. આ કામે સદર સાહેદની ઉલટ તપાસમાં પણ કોઈ વિરુધ્ધની હકીકત જણાઈ આવતી નથી. પરંતુ, તેઓ જણાવે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નહી અને બનાવની અંગત માહીતી નથી.

(૧૨) આ કામે ફરીયાદીની જુબાનીને ધ્યાને લઈએ તો બનાવ બન્યા બાદ તેઓને જાણ થયેલ અને તેઓ તેમના કાકા દાનાભાઈ સાથે ભાવનગર સરકારી દવાખાને ગયેલ અને ત્યાં તેમના માતાપિતાને ઈજા થયેલ હોય તેમના માતાને વધુ સારવાર માટે બીમ્સ હોસ્પિટલમાં લઈ ગયેલા. જ્યાં તેમને હાથે તથા કમરે ઈજા થયેલ જેની સારવાર કરેલી અને તેમના પિતાનુ સારવાર દરમીયાન મૃત્યુ થયેલુ. તેમજ તેઓ આ કામના આરોપીની અર્ટીગા ગાડી જેનો નં.જીજે૪.ઈ.એ.૩૨૭૮ હતો તેવુ જણાવે છે અને ઉલટ તપાસ દરમીયાન તેઓ જણાવે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેઓ વધુમાં ઉલટ તપાસમાં જણાવે છે કે બનાવવાળી જગ્યા ગઢડા–ધોળા રોડ છે.

(૧૩) આ કામે આંક–૧૩ થી ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ ગુનાની સંપુર્ણ તપાસ કરેલ, પંચનામુ કરેલ અને સાહેદોના નિવેદન લીધેલ તેમજ આ કામે આંક–૧૭ અને આંક–૧૮ વાળુ એકસીડેન્ટ રીટર્ન તૈયાર કરેલ તેમજ મરણ જનાર રાજુભાઈની પી.એમ. નોટ આંક–૧૯ થી રજુ રાખેલ અને આ કામે સાહેદ લીલાબેનનુ સારવાર સર્ટી. આંક ૨૦ થી રજુ રાખેલ છે. તેમજ આંક ૨૧ થી આ કામે આરોપીની અર્ટીગા ગાડી રજી. નં. જી.જે.૪.ઈ.એ. ૩૨૭૮ ની આર.સી.બુક અને આંક–૨૨ થી આરોપી દિગ્વીજયસિહનુ લાયસન્સ રજુ રાખેલ.

આ કામે આરોપીપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસ દરમીયાન પણ કોઈ વિરોધાભાસી હકીકત રેકર્ડ પર આવેલ નથી પરંતુ, સદર તપાસ કરનાર અમલદારની ઉલટ તપાસ દરમીયાન તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામે કબજે કરેલ અર્ટીગા ગાડી હાલના આરોપીના નામે છે અને તેના અનુસંધાને તેણે આં ક–૨૧ થી અર્ટીગા ગાડી જેનો રજી. નં. જીજે૪–ઈ.એ. ૩૨૭૮ છે તે રજુ રાખેલ છે.

(૧૪) આ કામે સમગ્ર હકીકત ધ્યાને લેતા એવુ જણાઈ આવે છે કે, મરણજનાર રાજુભાઈ મેપાભાઈ તેમજ આ કામના સાહેદ લીલાબેન રાજુભાઈ તેમના મો.સા. ઉપર જે મો.સા. રાજુભાઈ મેપાભાઈ ચલાવતા હતા અને તેઓ ગઢડા –ધોળા રોડ પર જતા હતા ત્યારે આરોપીના નામની અર્ટીગા ગાડી જેનો રજી. નં. જી.જે.૪.ઈ.એ.૩૨૭૮ હતો તે અચાનક સામેથી લાવી તેમના મો.સા. સાથે અથડાવી દીધેલ.

(૧૫) આ કામે પંચનામુ તેમજ નજરે જોનાર સાહેદ તથા ઈજા પામનાર સાહેદની જુબાનીને ધ્યાને લઈએ તો પણ સદર રોડ ડબલ પટીવાળો રોડ છે અને તેમા આવવા અને જવા માટે જુદી જુદી સાઈડ છે તેમછતા આ કામના આરોપી તેમની અર્ટીગા ગાડી જેનો રજી.નં. જીજે–૪ઈ.એ. ૩૨૭૮ રોન્ગ સાઈડમાં લાવી તેમના મો.સા. સાથે ભટકાડી દીધેલ. તેથી, ઉપર જણાવેલ ચુકાદા '' ભાલાચંન્દ્ર વમન પાઠે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર'' ૧૯૯૬ ના પેરા નં. ૧૧ માં જણાવેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા આ કામના આરોપી જેના નામની સદર અર્ટીગા ગાડી નંબર જી.જે.૪.ઈ.એ.૩૨૭૮ હતી અને તેની સાથે મરણ જનાર તથા ઈજા પામનાર મો.સા. નો અકસ્માત થયેલ તેવુ પંચનામાથી જણાઈ આવે છે. આ કામે સદર ગાડી આર.સી. બુક પ્રમાણે આરોપીના નામની છે અને અન્ય દસ્તાવેજો પણ આરોપીના નામના જ છે અને જયારે સાહેદ ઈજા પામનાર ધ્વારા સદર ગાડીની ઉપસ્થિતી અને અકસ્માત પુરવાર કરવામાં આવે છે. પરંતુ, આરોપી પક્ષ ધ્વારા એવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ નહી કે આ કામના આરોપી જેમના નામની સદર અર્ટીગા ગાડી જેનો રજી નં. જી.જે.૪.ઈ.એ.૩૨૭૮ હતી જે આ કામે અકસ્માતમાં સામેલ ન હતી કે આરોપી ધ્વારા ચલાવવામાં આવેલ હતી નહી અને જેથી, આ કામે સમગ્ર

હકીકત અને રેકર્ડ પુરાવો ધ્યાને લેતા આરોપીનુ વર્તણુંક બેદરકારીભર્યુ જણાઈ આવે છે અને તેના વર્તણુંકના કારણે આ કામે મરણજનાર રાજુભાઈ મેપાભાઈનું મૃત્યુ થયેલ તેમજ લીલાબેન રાજુભાઈને ઈજા થયેલ અને આંક-૨૦ થી તેઓની સારવારનું સર્ટીફીકેટ રજુ રાખવામાં આવેલ છે અને જેમા પણ તેમના હાથમાં ફ્રેકચર થયેલાનુ જણાઈ આવેલ છે અને તે દસથી બાર હપ્તામાં સારુ થાય તેમ જણાઈ આવે છે.જેથી, આ કામે આરોપીના બેદરકારીભર્યા કૃત્યને કારણે રાજુભાઈ મેપાભાઈનુ મૃત્યુ થયેલ છે અને તેથી આ કામે બી.એન.એસ. કલમ -૧૦૬(૧) નિ:શંકપણે પુરવાર થાય છે. આ કામે આરોપીના બેદરકારીભર્યા કૃત્યને કારણે લીલાબેન રાજુભાઈને ગંભીર પ્રકારની મહાવ્યથા તેમજ વ્યથા પહોંચાડવામાં આવેલ તેવુ પુરવાર થાય છે અને તેથી આ કામે બી.એન.એસ. કલમ -૧૨૫(એ) અને ૧૨૫(બી) નિ:શંકપણે પુરવાર થાય છે. તેમજ આ કામે આરોપીના બેદરકારીભર્યા કૃત્યને કારણે માણસોની જીંદગી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરીયામ રસ્તા ઉપર વાહન ચલાવતા હોવાનુ પુરવાર થાય છે અને તેથી આ કામે બી.એન.એસ. કલમ -૨૮૧ નિ:શંકપણે પુરવાર થાય છે.

**M.V.Act Section 177.**

General provision for punishment of offences. - Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence, be punishable for the first offence, with fine which may extend to [five hundred rupees], and for any second or subsequent offence with fine which may extend to [one thousand and five hundred rupees].

સદરહું કામે મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭ લાગુ પડતી નથી.

**M.V.Act Section 184.**

Whoever, drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public [1][or which causes a sense of alarm or distress to the occupants of the vehicle,other road users, and persons near roads,] having regard to all the circumstances of case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which

actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term [2][which may extend to one year but shall not be less than six months or with fine which shall not be less than one thousand rupees but may extend to five thousand rupees, or with both], and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine [3][of ten thousand rupees], or with both.

[*Explanation.*-- For the purpose of this section,--

(a) jumping a red light;

(b) violating a stop sign;

(c) use of handheld communications devices while driving;

(d) passing or overtaking other vehicles in a manner contrary to law;

(e) driving against the authorised flow of traffic; or

(f) driving in any manner that falls far below what would be expected of a competent and careful driver and where it would be obvious to a competent and careful driver that driving in that manner would be dangerous, shall amount to driving in such manner which is dangerous to the public.]

આ કામે આરોપીના બેદરકારીભર્યા કૃત્યને કારણે માણસોની જીંદગી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરીયામ રસ્તા ઉપર વાહન ચલાવતા હોવાનુ પુરવાર થાય છે અને તેથી આ કામે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ નિ:શંકપણે પુરવાર થાય છે.

**M.V.Act Section 134**

Duty of driver in case of accident and injury to a person. - When any person is injured or any property of a third party is damaged, as a result of an accident in which a motor vehicle is involved, the driver of the vehicle or other person in charge of the vehicle shall

(a)unless it is not practicable to do so on account of mob fury or any other reason beyond his control, take all reasonable steps to secure medical attention for the injured person, [by conveying him to the nearest medical practitioner or hospital, and it shall be the duty of every registered medical

practitioner or the doctor on the duty in the hospital immediately to attend to the injured person and render medical aid or treatment without waiting for any procedural formalities], unless the injured person or his guardian, in case he is a minor, desires otherwise;(b)give on demand by a police officer any information required by him, or, if no police officer is present, report the circumstances of the occurrence, including the circumstances, if any, for not taking reasonable steps to secure medical attention as required under clause (a), at the nearest police station as soon as possible, and in any case within twenty-four hours of the occurrence;[(c) give the following information in writing to the insurer, who has issued the certificates of insurance, about the occurrence of the accident, namely:(i)insurance policy number and period of its validity;(ii)date, time and place of accident;(iii)particulars of the persons injured or killed in the accident;(iv)name of the driver and the particulars of his driving licence .Explanation. For the purposes of this section, the expression driver includes the owner of the vehicle.]

આ કામે ફરીયાદપક્ષના પુરાવા ઉપરથી જણાઈ આવે છે કે, આ કામના આરોપીએ બનાવ બન્યા બાદ સ્થળ ઉપર ઉભા હતા અને મદદ કરતા હતા. તેથી આ કામે મોટર વ્હીકલ એકટની કલમ–૧૩૪ નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૧૬) આ સંજોગોમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને ફરીયાદપક્ષના પુરાવામાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેટલો મજબુત પુરાવો મળી આવેલો હોય ત્યારે મુદ્દા નં.૧ નો નિર્ણય અંશત: હકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ :–**

(૧) આ કામના આરોપી દિગ્વીજયસિંહ ઉર્ફે દિગુભા બનુભા ગોહિલનાઓને ગઢડા પો.સ્ટે.ના ગુના રજી. નં . ૧૧૧૯૦૦૦૪૨૫૦૦૬૮/૨૫ થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪ મુજબના ગુનાના કામે દોષિત ઠરાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપી દિગ્વીજયસિંહ ઉર્ફે દિગુભા બનુભા ગોહિલનાઓને ગઢડા પો.સ્ટે.ના ગુના રજી. નં. ૧૧૧૯૦૦૦૪૨૫૦૦૬૮/૨૫ થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૧) અન્વયે એમ.વી.એકટ–૧૭૭,૧૩૪ મુજબના ગુનાના કામના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીને તકસીરવાન ઠરાવેલ હોય કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ આરોપીને સાંભળવાની તક આપવામાં આવે તો ન્યાયનું હીત જળવાય તેમ હોય સજા અંગે સાંભળવા મુલત્વી રાખવામાં આવેલ છે.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦–૦૪–૨૦૨૬
સ્થળ:–ગઢડા

(રવિન્દ્રકુમાર)
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગઢડા
(જી.જે. ૦૦૧૭૧૩)

એચ.એસ.પરમાર

(૧૭) આ કામના આરોપીની સજા અંગે સાંભળવા કામ રાખવામાં આવેલ છે અને ફરીયાદી તથા આરોપીના વિ.વકીલશ્રીને સજા અંગે સાંભળેલ છે.

---

આ કામના ફરીયાદીના વકીલશ્રી ધ્વારા રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી ધ્વારા હાલના કામે ગુનો આચરેલ છે જે અદાલતમાં પુરવાર થયેલ છે. જેથી, હાલના સમયમાં આવા ગુનાનું પ્રમાણ જોતા સમાજમાં દાખલો બેસાડવા માટે વધુમાં વધુ સજા કરવા અરજ કરેલ છે.

આ કામના આરોપીના વિ.વકીલશ્રીનને સાંભળ્યા તેઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં આરોપીનો સૌ પ્રથમ ગુનો છે, આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી અને આરોપી ૪૦ વર્ષની ઉમરના હોય ગુનો સાત વર્ષથી નીચે સજાને પાત્ર છે. આરોપી ઉપર કુટુંબની જવાબદારી હોય તેથી, પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ બી.એન.એસ.એસ. ની કલમ ૪૦૧ ની જોગવાઈનો લાભ આપવા પાત્ર જણાઈ આવે છે. તેથી, આરોપીને સજાને બદલે પ્રોબેશનનો લાભ આપવામાં આવે છે.

હાલના કેસના સંજોગોને ધ્યાને લેતા આરોપી સામે આ ગુના સિવાય અનય કોઈ ગુનો થયેલ નથી તેમજ આરોપીની ઉમર ૪૦ વર્ષ છે તેને ધ્યાને લેતા તેમજ આરોપીની ચાલ ચલગતને ધ્યાને લેતા અને તેની શારીરિક માનસિક સ્થિતિ અને ગુનાનું નજીવુ સ્વરુપ તથા જે સંજોગોમાં ગુનો બનેલ છે તે બધાને ધ્યાને લેતા આરોપીને સજા કરવાના બદલે યોગ્ય તાકીદ આપવી ન્યાયોચિત જણાઈ આવે છે અને તેથી, આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ ૪૦૧ ને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ :-**

(૧) આ કામના આરોપી દિગ્વીજયસિંહ ઉર્ફે દિગુભા બનુભા ગોહિલનાઓને ગઢડા પો.સ્ટે.ના ગુના રજી. નં. ૧૧૧૯૦૦૦૪૨૫૦૦૬૮/૨૫ થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની

કલમ–૨૭૮(૨) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪ મુજબના ગુનાના કામના ગુનામાં તકસીરવાન ઠરાવી ભારતીય ન્યાચ્ર સંહિતાની <u>કલમ–૧૦૬(૧) ના</u> ગુનામાં દોષિત ઠરાવવામાં આવે છે. પરંતુ, આરોપીઓને સજા કરવાને બદલે **પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટની કલમ–૪ની જોગવાઈઓને લક્ષમાં લેતા એક વર્ષની** મુદત માટે જયારે બોલાવે ત્યારે હાજર થવા માટે અને તે દરમીયાન સુલેહ શાંતિ જાળવવા માટે સારી વર્તણુંકના દરેક આરોપીઓએ રૂા. ૨૫,૦૦૦/– ના જાત મુચરકા તથા સધ્ધર જામીન રજુ કર્યેથી નીચેની શરતોએ પ્રોબેશનનો લાભ આપવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧) આરોપીઓએ આ સમય દરમીયાન સંપૂર્ણ શાંતિ જાળવવી.

(૨) આરોપીઓએ પોતાની જાતને કોઈપણ રીતે ગુનાહીત કામોમાં સંડોવણી કરવી નહી.

(૩) અદાલત જયારે બોલાવે ત્યારે હાજર રહેશે તેવી બાંહેધરી આપવી.

(૪) <u>આરોપીઓ દ્વારા જો ઉપર મુજબની રકમ ફરીયાદી તથા સાહેદોને ચુકવવામાં ન આવે તો પ્રોબેશનની શરત ભંગ ગણાશે અને સજા ભોગવવા માટે હાજર રહેવુ પડશે.</u>

(૨) ભારતીય ન્યાય સંહિતાની <u>કલમ–૧૨૫(એ) માં રૂા. ૫૦૦/–</u> દંડ ભરવાનો તથા ભારતીય ન્યાય સંહિતાની <u>કલમ–૧૨૫(બી) માં રૂા. ૧૦૦૦/–</u> દંડ ભરવાનો તથા ભારતીય ન્યાય સંહિતાની <u>કલમ–૨૮૧ માં રૂા. ૨૦૦/–</u> દંડ ભરવાનો તથા <u>એમ.વી.એકટની કલમ–૧૩૪ માં રૂા.૧૦૦૦/–</u> દંડ ભરવાનો એમ કુલ મળી રૂા. ૨૭૦૦/– દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદરહું દંડની રકમ આ કામના ઈજા પામનાર લીલાબેન રાજુભાઈ ચોહલાને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ તેને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪ મુજબ વિના મુલ્યે હુકમની નકલ પુરી પાડવી.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦–૦૪–૨૦૨૬<br>
સ્થળ:–ગઢડા

(રવિન્દ્રકુમાર)<br>
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,<br>
ગઢડા<br>
(જી.જે. ૦૦૧૭૧૩)

એચ.એસ.પરમાર